# અમરેલીનું રાજુલા 9 ઈંચ ભારે વરસાદમાં જળબંબાકાર થઈ ગયું

**24 કલાકમાં રાજ્યના 196 તાલુકામાં વરસાદ**

**દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં 9 જુલાઈ સુધી રેડ એલર્ટ**

### રાજ્યના ડેમની સ્થિત

» સરદાર સરોવરમાં ક્ષમતાના 64.23 ટકા જેટલો જળસંગ્રહ » રાજ્યના અન્ય 206 જળાશયોમાં સરેરાશ 36.61 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ » રાજ્યમાં 14 ડેમ 70થી 100 ટકા, 19 ડેમ 50થી 70 ટકા ભરાયા » 55 ડેમ 25થી 50 ટકા અને 118 ડેમ 25 ટકાથી ઓછી ક્ષમતા » 5 ડેમ હાઈ એલર્ટ, 3 ડેમ એલર્ટ અને 9 ડેમ વોર્નિંગ પર

ગાંધીનગર : રાજ્યમાં ચોમાસાએ ફરી જોર પકડતાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 196 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જ્યારે આજે સાંજે 6 વાગ્યા સુધીમાં વધુ 97 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. અમરેલી જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને પગલે રાજ્યના જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે, રેસ્ક્યૂ અને સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તેમજ હવામાન વિભાગે આગામી 9 જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

અમરેલીના રાજુલામાં ગણતરીના કલાકોમાં 9 ઈંચ વરસાદ નોંધાયો છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી 3 દિવસમાં સમગ્ર ગુજરાતને આવરી લેશે. ઓફ-શોર ટ્રફ અને ડિપ્રેશનની સિસ્ટમ સક્રિય હોવાથી 6 જુલાઈએ ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં અત્યંત ભારે વરસાદ સાથે રેડ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે 7, 8 અને 9 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સળંગ ત્રણ દિવસ આભ ફાટવા જેવી સ્થિતિ (એક્સ્ટ્રીમલી હેવી રેઈન) નું રેડ એલર્ટ રહેશે.

### રાજ્યના જુદા જુદા તાલુકાનો વરસાદ

| | |
|---|---|
| રાજુલા | 9 ઈંચ |
| ધારી | 6.85 ઈંચ |
| ખાંભા | 5.51 ઈંચ |
| લીલિયા | 4.21 ઈંચ |
| બગસરા | 4.17 ઈંચ |
| સાવરકુંડલા | 3.98 ઈંચ |
| જાફરાબાદ | 3.82 ઈંચ |
| ઉનામાં | 3.58 ઈંચ |
| વિજયનગર | 3.50 ઈંચ |

## ગોડાદરામાં લગ્નનાં બે મહીનામાં ઝેર પીને યુવકે જીવનલીલા સંકેલી

સુરતઃ ગોડાદરામાં લગ્નનાં બે મહીનામાં યુવકે ઝેર પીને આપઘાત કરી લીધો હતો.પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ રાજસ્થાન ઝાલોરના વતની 28 વર્ષીય સુરેશકુમાર મગનલાલ મેવાડા હાલ ગોડાદરા વિસ્તારમાં આવેલ રઘુનંદન રો-હાઉસમાં પરીવાર સાથે રહેતો હતો. તે સરથાણા યોગીચોક પાસે શિવમ મેડિકલ નામથી દુકાન ચલાવતો હતો. બે મહિના પહેલા તેના લગ્ન થયા હતા. દરમિયાન શનિવારે બપોરે સુરેશકુમારે દુકાનમાં ઝેર પી લીધું હતું. ઝેર પીધા બાદ સુરેશકુમારને ઉલટીઓ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને સુરેશકુમારના ભાઈને ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું શનિવારે સાંજે તેમનું મોત થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તેની બિમારીની દવા પણ ચાલુ હતી. છતાં કોઈ ફેર પડતો ન હતો.

# ઓલપાડ-ચોર્યાસી સંઘની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી

**અનિવાર્ય સંજોગોને કારણે મુલતવી રાખાયેલી ચૂંટણી માટે નવું જાહેરનામું પ્રસિદ્ધ**

સુરતઃ ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ.ની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી માટે અગાઉ જાહેર કરાયેલ ચૂંટણી કાર્યક્રમ અનિવાર્ય સંજોગોના કારણે મુલતવી રાખવામાં આવ્યો હતો. હવે ચૂંટણી અધિકારીએ ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી બાબતના નિયમો-1982 મુજબ ચૂંટણી પ્રક્રિયા પુનઃ શરૂ કરવા માટે નવું ચૂંટણી જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર, અગાઉની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારીપત્રો સ્વીકારવાની તારીખથી પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી હતી. હવે ચૂંટણી કાર્યક્રમ ફરી જાહેર કરીને ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ.ની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી યોજાશે.

### ઓલપાડ ખરીદ-વેચાણ સંઘની ચૂંટણી જાહેર

| પ્રક્રિયા | તારીખ |
|---|---|
| ઉમેદવારી ફોર્મ | 6થી 10 જુલાઈ |
| યાદી પ્રસિદ્ધ | 10 જુલાઈ |
| ફોર્મની ચકાસણી | 13 જુલાઈ |
| માન્ય ઉમેદવારોની યાદી | 13 જુલાઈ |
| ફોર્મ ખેંચવાની તારીખ | 13થી 15 જુલાઈ |
| અંતિમ યાદી | 15 જુલાઈ |
| મતદાનની તારીખ | 26 જુલાઈ |
| પરિણામ | 26 જુલાઈ |

સાથે જ અનુસૂચિત જોગવાઈઓ મુજબ સંબંધિત મતદાર મંડળોની ચૂંટણી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

ચૂંટણી કાર્યક્રમ મુજબ ઉમેદવારીપત્ર મેળવવાની, ઉમેદવારીપત્ર દાખલ કરવાની, ઉમેદવારીપત્રોની ચકાસણી, ઉમેદવારી પાછી ખેંચવાની, અંતિમ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવાની તેમજ જરૂરી હોય તો મતદાન અને મતગણતરીની તારીખો સંબંધિત મતદાર મંડળો માટે અ નક્કી કરવામાં આવી છે.

# ભારતની એકતા અને પ્રગતિ માટે સમર્પિત જીવન

આજે, 6 જુલાઈનો દિવસ રાષ્ટ્રવાદ અને નિઃસ્વાર્થ સેવાના આદર્શોને હૃદયથી માનનારા અસંખ્ય લોકો માટે વિશેષ મહત્વ ધરાવે છે. આજે આપણે ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. જેમનું જીવન મા ભારતી પ્રત્યેની હિંમત અને અતૂટ પ્રતિબદ્ધતાનું એક શાશ્વત ઉદાહરણ બની રહ્યું છે. આધુનિક ભારતમાં બહુ ઓછા નેતાઓએ ડો. શ્યામા પ્રસાદ મુખર્જી જેટલી ઊંડાણપૂર્વક બુદ્ધિપ્રતિભા, જાહેર સેવા અને નૈતિક દ્રઢ વિશ્વાસના અવિરત સંગમને સાકાર કર્યો છે.

યુવા શ્યામા પ્રસાદ મુખર્જીનો જન્મ એવા પરિવારમાં થયો હતો. એ તેમની શહાદત માટે સૌથી યોગ્ય શ્રદ્ધાંજલિ હતી.

અહીં. હું એક વ્યક્તિગત અનુભવ શેર કરવા માંગુ છું. સિંદરી પ્લાન્ટ, જેને ડો. મુખર્જીએ આત્મનિર્ભરતાના સ્પષ્ટ વિઝન સાથે સ્થાપવા માટે કામ કર્યું હતું. તેની દેશ ચલાવનારાઓ દ્વારા કેટલાક દાયકાઓ સુધી ઉપેક્ષા કરવામાં આવી હતી. હું સન્માનિત અનુભવું છું કે અમારી સરકારને તેના પુનરુત્થાનમાં યોગદાન આપવાની તક મળી. તે કાર્યક્રમ માટે ત્યાં હાજર રહેવું ખરેખર સૌથી વિશેષ ક્ષણોમાંની એક હતી.

ડો. મુખર્જીએ ઈન્ડિયા ફર્સ્ટ (ભારત સર્વોપરી) અને ભારતીય મૂલ્યોને પ્રથમ સ્થાન

**અતિથીની કલમે**



**નરેન્દ્ર મોદી**
(વડાપ્રધાન)

### 370 અને 35(A) નાબૂદ કરવી એ તેમની શહાદત માટે સૌથી યોગ્ય શ્રદ્ધાંજલિ હતી

જ્યાં તેમને સુખ-સુવિધાસભર અને સુરક્ષિત જીવન સરળતાથી મળી શકતું હતું. તેમના પિતા સર આશુતોષ મુખર્જી તેમના સમયના અગ્રણી શિક્ષણવિદ્ અને પ્રખર બુદ્ધિજીવી હતા પશ્ચિમ બંગાળ ભારતનો અભિન્ન ભાગ રહે તે સુનિશ્ચિત કરવા માટે તેઓ વિભાજનની ઉથલપાથલ દરમિયાન મક્કમ રહ્યા હતા. થોડા વર્ષો પછી, તે જ બહે વિશ્વાસ તેમને જમ્મુ અને કાશ્મીર તરફ દોરી ગયો.

જેલવાસ તેમને અટકાવી શક્યો નહીં અને એકલતા પણ તેમના મનોબળને નબળું પાડી શકી નહીં અસંખ્ય લોકોના હિતને પોતાનું ધ્યેય બનાવનાર આ મહાન વ્યક્તિત્વનું જીવન અટકાયતમાં અચાનક સમાપ્ત થયું. આચાર્ય વિનોબા ભાવેએ જણાવ્યું હતું કે ડો. મુખર્જીએ એવા હેતુ માટે પોતાનું બલિદાન આપ્યું જેમાં તેઓ શ્રદ્ધા ધરાવતા હતા. વર્ષો પછી, 2019માં કલમ 370 અને 35(A) નાબૂદ કરવી આપ્યું. અને તેમણે તે સમયની પરંપરાગત માનસિકતાને પડકારતી સંસ્થાઓનું નિર્માણ કરીને અને પ્રણાલીઓનું સંવર્ધન કરીને કર્યું. તેઓ કલકત્તા યુનિવર્સિટીના સૌથી યુવા વાઇસ ચાન્સેલર બન્યા હતાં. તેમણે ભારતીય જનસંઘની સ્થાપના કરવાનો નિર્ણય લીધો હતો. એવા સમયે જ્યારે કોંગ્રેસ પક્ષ સર્વવ્યાપી હતો. ત્યારે તેમને લાગ્યું કે ભારતના વિકાસની વકાલત કરે અને સાથે સાથે દેશના સાંસ્કૃતિક મૂળ સાથે જોડાયેલો રહે એવો વૈકલ્પિક રાજકીય અવાજ હોવો અત્યંત જરૂરી છે.

ભારતીય જનસંઘે પણ પોતાના સક્રિય કાર્યકાળ દરમિયાન અને ત્યારબાદ પણ આ જ ભાવનાને સાર્થક કરી હતી.કોલેજમાં બોલતા, ડો. મુખર્જીએ યુવાનોને આગ્રહ કર્યો હતો કે, 'તમે જે પણ કામ હાથ લો. તે ગંભીરતાથી, સંપૂર્ણ રીતે અને સારી રીતે કરો.

# પૂર્વ વનમંત્રી મોહનસિંહ રાઠવાનું 82 વર્ષની વયે નિધન

**10 વખત ધારાસભ્ય તરીકે ચૂંટાવાનો અનોખો વિક્રમ ધરાવતા હતા**

ગાંધીનગર : ગુજરાતના રાજકીય ક્ષેત્રે અને આદિવાસી સમાજ માટે દુઃખદ સમાચાર સામે આવ્યા છે. રાજ્યના પૂર્વ વનમંત્રી, દિગ્ગજ આદિવાસી નેતા અને 10 વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈને અનોખો રેકોર્ડ બનાવનાર મોહનસિંહ રાઠવાનું 82 વર્ષની વયે નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેમના અવસાનથી છોટા ઉદેપુર સહિત સમગ્ર રાજ્યના રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મોહનસિંહ રાઠવા ગુજરાતના સૌથી અનુભવી અને લોકપ્રિય આદિવાસી નેતાઓમાં ગણાતા હતા. તેમની રાજકીય સફર પાંચ દાયકાથી વધુ સમય સુધી વિસ્તરેલી રહી હતી. તેઓ છોટા ઉદેપુર અને પાવી જેતપુર વિધાનસભા બેઠકો પરથી કુલ 10 વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા, જે રાજ્યના રાજકારણમાં એક નોંધપાત્ર સિદ્ધિ માનવામાં આવે છે.

વર્ષ 2022ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલાં મોહનસિંહ રાઠવાએ કોંગ્રેસનો સાથ છોડીને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાવાનો મહત્વપૂર્ણ રાજકીય નિર્ણય લીધો હતો. ત્યારબાદ ભાજપે તેમના નાના પુત્ર રાજેન્દ્રસિંહ રાઠવાને છોટા ઉદેપુર બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા હતા. રાજેન્દ્રસિંહ રાઠવા હાલમાં છોટા ઉદેપુરના ધારાસભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમના મોટા પુત્ર સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે અને હાલ બરોડા ડેરીના ડિરેક્ટર તરીકે કાર્યરત છે. લાંબા સમયથી નાદુરસ્ત તબિયતને કારણે તેઓ સક્રિય રાજકારણથી દૂર હતા. તેમના નિધનથી ગુજરાતના રાજકીય ક્ષેત્રે એક અનુભવી અને લોકપ્રિય આદિવાસી નેતાનો યુગ સમાપ્ત થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# સુમુલ ડેરીની ઉચ્છલ બેઠકની ચૂંટણી મોકૂફ રાખી નવેસરથી યોજવા માંગ

**દર્શન નાયકે સત્તાધારી પક્ષના દબાણમાં નિર્ણય 6 જુલાઈના રોજ લેવાના ચૂંટણી અધિકારીનો નિર્ણય અમાનવીય ગણાવી વાંધો રજૂ કર્યો**

સુરતઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સુમુલની સાંધીયેર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદ દર્શન એ. નાયકે સુમુલ ડેરીના ચૂંટણી અધિકારી, ચૂંટણી માટે સમક્ષ અધિકારી નિયુક્ત કરનાર સુરતના જિલ્લા કલેક્ટર તેજસ પરમારને તાકિદનો ઈમેલ મોકલી ચૂંટણી અધિકારી ઉચ્છલ તાલુકાની બેઠકની ચૂંટણી અંગે સત્તાધારી પક્ષના ઉમેદવાર કે ભાજપના નેતાઓના દબાણથી કોઈ સુનાવણી રાખે તો સખત લેખિત વાંધો રજૂ કર્યો છે.

દર્શન નાયકે જણાવ્યું હતું કે, ઉચ્છલ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર સ્વ.સુનિલ ગામીતના આકસ્મિક નિધનની જાણ તા.04/07/2026 ના રોજ સાપુતારા પોલીસે લાશ સુપરત કર્યાની પહોંચ આપી એની નકલ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવી હોવા છતાં ચૂંટણી અધિકારીએ નવેસરથી આ બેઠકની ચૂંટણી યોજવાની કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

ઉચ્છલ તાલુકા મતદાર વિભાગની કુંભરાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રતિનિધિ સમીર દામજીભાઈ વસાવા દ્વારા તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં ઉચ્છલ બેઠક અંગેનો નિર્ણય તા. ૦૬/૦૭/૨૦૨૬ના રોજ લેવાનો હોવાનું જાહેર થયું છે. એ બાબત ખૂબ દુઃખદ છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ સુરત-તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. (સુમુલ ડેરી) ના બે ટર્મના ડિરેક્ટર, તાપી જિલ્લાના નિઝર બેઠકના પૂર્વ ધારાસભ્ય તથા સુમુલ ડેરીની ૨૦૨૬ની ચૂંટણીમાં ઉચ્છલ તાલુકાની બેઠકના ઉમેદવાર સ્વ. સુનિલ રતનજી ગામીતનું તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ આકસ્મિક નિધન થયું હતું. તેમના નિધનના સમાચાર સમગ્ર વિસ્તારમાં પ્રસરી ગયા હતા તેમજ સુમુલ ડેરીના કસ્ટોડિયન, મેનેજિંગ ડિરેક્ટર અને સુમુલ પરિવાર દ્વારા પણ જાહેર શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૭૬ તથા સંબંધિત પેટા કાયદાઓ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારના નિધન જેવી પરિસ્થિતિમાં ચૂંટણી અધિકારીએ જરૂરી વિગતો મેળવી કાયદેસર નિર્ણય લેવો જરૂરી બને છે. આવા સંજોગોમાં મૃતક ઉમેદવારના હરીફ ઉમેદવાર સંબંધિત કોઈપણ અરજી અંગેની સુનાવણી અથવા કાર્યવાહી કરવામાં આવે તો તે કાયદાકીય વિવાદ સર્જી શકે છે.

## પ્રતિબંધ હોવા છતાં ડુમસના દરિયામાં ન્હાવા પડેલા ત્રણની અટકાયત

સુરતઃ ચોમાસાની ઋતુને પગલે સુરતના પ્રખ્યાત ડુમસ દરિયા કિનારે કરંટ હોવાના કારણે વહીવટી તંત્ર દ્વારા દરિયામાં નહાવા પર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમ છતાં દરિયામાં પડેલા ત્રણની પોલીસે અટકાયત કરી હતી. ડુમસ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર મહેશ પટેલ સ્ટાફ સાથે દરિયા કિનારે રાઉન્ડ પર હતા. ત્યારે દરિયામાં પાણીમાં મોજ મસ્તી કરતાં ત્રણ યુવાનો પર તેમની નજર પડી હતી. હાલ દરિયામાં જવા પર પ્રતિબંધ હોવાથી તેમણે ત્રણેય જણાને દરિયાના પાણીમાંથી બહાર કઢાવ્યા હતા. પોતાની જિંદગી જોખમમાં મૂકવા બદલ તેમજ કલેક્ટરના જાહેરનામાનો સરેઆમ ભંગ કરવા બદલ પોલીસે આ ત્રણેય શોખીનોની અટકાયત કરી લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં પણ આ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### દેશભરમાં જોર...

છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. મહત્તમ તાપમાનમાં 3 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. ગઢવા, પલામુ, ચતરા, હજારીબાગ, લાતેહાર, લોહરદગા, ગુમલા અને રાંચીમાં સોમવારે ભારે વરસાદ થવાની સંભાવના છે.

### મુંબઇ, તેની...

જવાની ઘટનાઓ બની હતી, જેને પગલે કટોકટીની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી હતી. સત્તાવાર માહિતી અનુસાર, આ દરમિયાન નદીમાં ડૂબી જવાથી એક ૧૭ વર્ષના કિશોરનું મોત થયું હતું, ભીવંડીમાં કામવતી નદીમાં આ યુવક ડૂબી ગયો હતો. જ્યારે નવી મુંબઇમાં બાલ્કનીનો એક ભાગ તૂટી પડતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

### ભારે વરસાદ...

દુકાન પર ઝાડ તૂટી પડ્યું હતું. ભોગ બનનાર યુનુસ કુંડાવાલાને કાટમાળમાંથી બહાર કાઢીને ફૌઝિયા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. એક અલગ ઘટનામાં ગોરેગાંવ ઈસ્ટના આરે કોલોની વિસ્તારમાં મોટરસાઇકલ ચલાવતી વખતે ઝાડની ડાળી માથે પડતાં એક ૧૮ વર્ષના છોકરાનું મોત નીપજ્યું હતું. નાગરિક અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના શનિવારે બપોરે બની હતી, પરંતુ રવિવારે સત્તાવાળાઓને તેની જાણ કરવામાં આવી હતી. ભોગ બનનાર કુમાર હસન રઝા જહાંગીર આલમ સૈયદ તેના મિત્રો સાથે મોટરસાઇકલ પર મુસાફરી કરી રહ્યો હતો ત્યારે ઝાડની એક ડાળી તૂટીને તેના માથા પર પડી હતી. કુમારને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ૩૦ જૂનના રોજ ચેમ્બુરમાં એક ચાલતી સ્કૂલ બસ પર ઝાડ તૂટી પડતાં એક ૧૧ વર્ષના છોકરાનું આ જ રીતે મોત નીપજ્યું હતું.

### મુંબઇ એરપોર્ટ...

માલિકીના મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આશરે સવારે ૧૦.૧૭ વાગ્યે, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, જેમાં ૪૨ નોટ્સ સુધીના જોરદાર પવન અને ભારે વરસાદને કારણે ઘટેલી વિઝિબિલિટીને લીધે રનવેની કામગીરી પ્રભાવિત થઈ હતી. પ્રક્રિયા અનુસાર, મુસાફરો, એરક્રાફ્ટ અને ગ્રાઉન્ડ સ્ટાફની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રનવેની કામગીરી કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવી હતી. હવામાનની સ્થિતિમાં સુધારો થયા પછી, એક કલાક બાદ સામાન્ય રનવે કામગીરી ફરી શરૂ થઈ હતી,

### મોજતબા હાજર ન...

ગુરુવારે જ પહેલીવાર ફોટોગ્રાફમાં જોવા મળ્યા હતા, તેઓ એસોસિએટેડ પ્રેસના પત્રકારોને ભીડમાં જોવા મળ્યા હતા. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન, સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફ અને ગાર્ડની એક્સપિડિશનરી કુદ્સ ફોર્સનું નેતૃત્વ કરનારા ઈસ્માઈલ કાની પણ આ અંતિમ સંસ્કારમાં સામેલ થયા હતા.

### ઇન્સ્ટા પરથી...

(CSEAM - ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ)ને પ્રોત્સાહન આપતી અથવા તેના સુધી પહોંચવામાં મદદ કરતી તમામ જાહેરાતો અને કન્ટેન્ટને તાત્કાલિક નિષ્ક્રિય કરવાનો નિર્દેશ આપ્યો છે. સરકારે મેટા પાસે આ અંગે વિગતવાર ખુલાસો પણ માંગ્યો છે, અને કંપનીને સાત દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે. સરકારની આ કાર્યવાહી BBC Eyeની એક તપાસ બાદ સામે આવી છે, જેમાં જાણવા મળ્યું હતું કે ઈન્સ્ટાગ્રામ પર "રેપ વિડીયો" અને "ચાઈલ્ડ વિડીયો" જેવા શબ્દો ધરાવતી પેઈડ જાહેરાતો પ્રદર્શિત થઈ રહી હતી. આ જાહેરાતો કથિત રીતે યુઝર્સને ટેલિગ્રામ ચેનલો તરફ રીડાયરેક્ટ કરતી હતી, જ્યાં માત્ર ૯૯ જેટલી નજીવી કિંમતે બાળ જાતીય શોષણની સામગ્રી ખરીદી શકાતી હતી. તપાસ અનુસાર, આ જાહેરાતો પ્લેટફોર્મ પર દેખાતા પહેલા ઈન્સ્ટાગ્રામની ચકાસણી પ્રક્રિયામાંથી પસાર થઈ હતી.

### આજે રામ...

કોન્ફરન્સ દ્વારા બેઠકમાં ભાગ લઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસમાં આરોપી બન્યા બાદ રાજીનામું આપી ચૂકેલા ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા અંગે ટ્રસ્ટ ચર્ચા કરે તેવી શક્યતા છે.

જો તેમના રાજીનામા સ્વીકારવામાં આવે છે તો બેઠકમાં ટ્રસ્ટની કામગીરી માટે એક નવા વહીવટી માળખાની યોજનાઓ પર પણ વિચાર કરવામાં આવે તેવી શક્યતા છે. વિશેષ આમંત્રિત ગોપાલ રાવની ભૂમિકા અંગે પણ ચર્ચા થવાની અપેક્ષા છે.

આ ઉપરાંત, આ બેઠકમાં કથિત ઉચાપતની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ના વચગાળાના તારણો અંગેની માહિતી સામેલ થવાની સંભાવના છે અને રામ મંદિરના ભાવિ વ્યવસ્થાપન માળખા વિશે પણ ચર્ચા થઈ શકે છે.

નાણાકીય વર્ષ 2025-26 માટેનું ઓડિટ વગરનું આવક-ખર્ચનું પત્રક, બેલેન્સ શીટ અને અન્ય નાણાકીય વિગતો મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

### ઉન્નાવમાં ગંગા...

ઢોળાવ સુરક્ષા અને માટી રોકવાના પગલાં લેવામાં આવ્યા ન હતા, જેના પરિણામે ચોમાસાના પ્રથમ વરસાદ દરમિયાન જ આ ભંગાણ સર્જાયું હતું.

બાંધકામની ગુણવત્તા પર સવાલો ઉઠાવતાં સ્થાનિકોએ દાવો કર્યો હતો કે, બાંધકામ તબક્કા દરમિયાન પણ રોડની મજબૂતાઈ અંગે ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ તેના પર યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું ન હતું.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જ્યારે શુક્રવારે સાંજે પત્રકારો નુકસાન પામેલા હિસ્સાની તસવીરો લેવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા ત્યારે કામ કરી રહેલા એજન્સીના કર્મચારીઓએ કથિત રીતે તેમને ફોટા લેતા રોકવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે એક્સપ્રેસવે પર ફોટોગ્રાફી કરવાની પરવાનગી નથી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, એક્સપ્રેસવે શરૂ થાય તે પહેલાં સોનિક સર્વિસ લેન અને મુખ્ય કેરેજવે પર પણ રોડ બેસી જવો, માટીનું ધોવાણ અને રેલિંગ તૂટી જવા જેવી સમાન સમસ્યાઓ અગાઉ સામે આવી હતી.

### પાકિસ્તાની દળોનો...

ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો, જેમાં ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને એક વ્યક્તિનું મોત થયું હતું .આ સંબંધે પાકિસ્તાની વહીવટીતંત્ર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જેએએસીએ જણાવ્યું કે આ વિરોધ પ્રદર્શન ઇસ્લામાબાદ સરકાર વિરુદ્ધ છે. તેઓ જેએએસી નેતાઓ અને કાર્યકરોની ધરપકડ, વહીવટી નિષ્ફળતાઓ અને મૂળભૂત અધિકારોની માંગણીનો પણ વિરોધ કરી રહ્યા છે. સંગઠને ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી છે.

અહેવાલો અનુસાર, ડેરા ઇસ્માઇલ ખાનમાં ચાલી રહેલા વિરોધ સ્થળ પર વિવિધ વિસ્તારોમાંથી લોકોના કાફલા આવતા રહ્યા. મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પણ મોટી સંખ્યામાં હોવાનું જાણવા મળ્યું છે. જેએએસીએ જણાવ્યું હતું કે રાવલકોટ અને ચકની મહિલાઓ પણ રસ્તાઓ પર ઉતરી રહી છે અને વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહી છે. સંગઠનનો દાવો છે કે વહીવટીતંત્રના દબાણ છતાં વિરોધીઓ પીછેહઠ કરી નથી.

# બેકરી-લેબોરેટરીમાં ચોરી કરતી ટોળકી ઝડપાઈ

સુરતઃ ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે વિશ્વા બેકરીમાં ચોરી કરનાર મૂળ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામનો વતની અને હાલ કતારગામમાં રહેતો 19 વર્ષીય તુષાર દિનેશભાઈ આહણીયાને ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન તુષારે કબૂલાત કરી હતી કે તેણે પોતાના સાગરીતો પ્રવિણ નાગર અને ભગીરથ મકવાણા સાથે મળીને છેલ્લા દોઢેક માસ દરમિયાન કાપોદ્રા વિસ્તારમાં આવેલી એક મેડિકલ ક્લિનિક અને પેથોલોજી લેબોરેટરીમાં પણ ચોરીઓ આચરી હતી. ઉપરાંત પ્રવિણ નાગર અને હિરેન ગોહીલ સાથે આણંદમાં ઘરફોડ ચોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે સ્થાનિક લોકો જાગી જતાં તે સ્થળ પરથી ઝડપાઈ ગયો હતો, જ્યારે તેના બંને સાગરીતો નાસી છૂટ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે તુષાર આહણીયા સામે સુરતના કાપોદ્રા પોલીસ મથકે ઘરફોડ ચોરીના બે ગુના, ચોકબજાર પોલીસ મથકે વર્ષ 2024નો હત્યાનો ગુનો, ભાવનગરના ઉમરાળા પોલીસ મથકે મારામારી અને ધમકીનો ગુનો, કતારગામ પોલીસ મથકે જાહેરનામા ભંગનો ગુનો તેમજ આણંદ ટાઉન પોલીસમથકે ચોરીનો ગુનો નોંધાયેલો છે.


**ભારતીય સૈન્ય**

**એક અધિકારી તરીકે ભારતીય સૈન્યમાં જોડાઓ**

**www.joinindianarmy.nic.in**

**અધિકારી પ્રવિષ્ટિઓ**

1. નીચે આપેલા કોર્સ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છેઃ-

(ક) 68મો શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) મહિલા કોર્સ - એપ્રિલ 2027 માટે.
(ખ) 68મો શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) પુરુષ કોર્સ - એપ્રિલ 2027 માટે.

2. ઓનલાઈન અરજીઓ નીચે મુજબની મદત માટે ખુલ્લી રહેશેઃ-

(ક) શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) કોર્સ - (મહિલા) - 08 જુલાઈથી 06 ઓગસ્ટ 2026
(ખ) શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) કોર્સ - (પુરુષ) - 09 જુલાઈથી 07 ઓગસ્ટ 2026

**OFFICER ENTRIES**

1. Applications are invited for the following courses :-

(a) 68th Short Service Commission (Tech) Women Course -April 2027
(b) 68th Short Service Commission (Tech) Men Course April 2027

2. Online applications will remain open as under :-

(a) SSCW (Tech) Course - Women - 08 July to 06 August 2026
(b) SSC (Tech) Course - Men - 09 July to 07 August 2026

નોંધઃ-
1. સેનામાં ભરતી સંપૂર્ણપણે પારદર્શી અને મફત છે. દલાલોથી સાવધાન રહો.
2. વિગતવાર નોટિફિકેશન અને માહિતી માટે, કૃપા કરીને www.joinindianarmy.nic.in પર જાઓ.

Note:-
1. Recruitment in the Army is totally transparent and free. Beware of touts.
2. For detailed Notification, please visit www.joinindianarmy.nic.in

CBC 10601/11/0009/2627


## અનુસંધાન ... પાના છેલ્લાનું

### સાયણથી સચિન...

આપવાનો છે. અગાઉ માત્ર લોકલ ટ્રેનો માટે વપરાતા આ નાનાં સ્ટેશનોને ભવિષ્યના સેટેલાઈટ મિની-ટર્મિનલ તરીકે અપગ્રેડ કરવામાં આવી રહ્યાં છે. સચિન અને ભેસ્તાન આ બંને ઔદ્યોગિક વિસ્તારોમાં શ્રમિક વસતીને ધ્યાનમાં રાખીને નવું સ્માર્ટ બિલ્ડિંગ, પહોળો સર્ક્યુલેટિંગ એરિયા, સ્માર્ટ પાર્કિંગ, 12 મીટર પહોળા ફૂટ ઓવરબ્રિજ અને લિફ્ટની સુવિધા ઉમેરવામાં આવી રહી છે. મુંબઈ તરફથી આવતી ટ્રેનો સુરત આવ્યા વિના અહીંથી ઓપરેટ થઈ શકશે. ઉત્રાણ, સાયણ અને ગોથાણ એ તાપી નદીના સામા કિનારે આવેલાં આ સ્ટેશનો પર પ્લેટફોર્મ શેલ્ટર્સ, આધુનિક એક્ઝિક્યુટિવ વેઈટિંગ હોલ, વાઈ-ફાઈ અને ડિજિટલ કોચ ઈન્ડિકેશન બોર્ડ લગાવવામાં આવી રહ્યાં છે. 'સ્ટેશન વન પ્રોડક્ટ' હેઠળ સ્થાનિક કાપડ ઉદ્યોગના પ્રદર્શન માટે સ્ટોલ્સ બનશે. ગોથાણને અમદાવાદ-વલસાડ તરફની ટ્રેનો માટે મેન્ટેનન્સ અને ટ્રેન પાર્કિંગ હબ તરીકે વિકસાવાશે.

### એરપોર્ટ જેવું...

રહી છે, જેમાં આશરે 90 એસ્કેલેટર્સ અને 30 હાઇ-સ્પીડ લિફ્ટ મુકાશે. વધારો

**બાયપાસ કનેક્ટિવિટી :** ઉત્તર ભારતથી આવતી ટ્રેનો સુરત મુખ્ય સ્ટેશન પર ભીડ વધારવાને બદલે ઉત્રાણ કે સાયણ થઈને સીધી જ ઉધના-જલગાંવ લાઇન તરફ ડાયવર્ટ થઈ શકશે.

**મેટ્રો અને લોકલ બસ લિંક :** સુરત અને ઉધના સ્ટેશન સીધા સુરત મેટ્રો નેટવર્ક સાથે જોડાશે. જ્યારે ભેસ્તાન, સચિન અને સાયણ સ્ટેશનની બહાર સિટી બસના ટર્મિનલ અને ઓટો માટે સ્પેશિયલ પાર્કિંગ સ્લોટ બનશે, જે સુરત મેટ્રોપોલિટન રિજનના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

### ઉધના જંક્શને...

સંચાલન માટે અહીં પશ્ચિમ રેલવેનું સૌથી મોટું આધુનિક 'ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ ડિજિટલ સિગ્નલિંગ સિસ્ટમ' ઇન્સ્ટોલ કરાયું છે. આ સ્ટેશન મહારાષ્ટ્ર, મધ્ય અને પૂર્વ ભારત તરફ જતી ટ્રેનો માટે મુખ્ય વૈકલ્પિક ટર્મિનલ બનશે. ભુસાવલ, વિરાર પેસેન્જર અને તાપ્તી ગંગા જેવી ટ્રેનો હવે અહીંથી જ ઓપરેટ થાય છે.

### 24 કલાકમાં...

ઉકાઈ ડેમ તરફ આગળ વધી રહ્યું હોવાથી ગઈકાલ સાંજથી ઉકાઈ ડેમમાં પાણીની આવક શરૂ થઈ છે. હાલમાં ઉકાઈ ડેમમાં 17 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે. સતત આવકના કારણે છેલ્લા 24 કલાકમાં ડેમના જળસ્તરમાં અંદાજે અડધા ફૂટનો વધારો થયો છે. હાલમાં ઉકાઈ ડેમની સપાટી 309.03 ફૂટ નોંધાઈ છે. જો ઉપરવાસમાં વરસાદનું જોર યથાવત રહેશે તો આગામી દિવસોમાં ઉકાઈ ડેમના જળસ્તરમાં વધુ વધારો નોંધાઈ શકે છે, જે રાજ્યના સિંચાઈ અને પીવાના પાણીના સંગ્રહની દૃષ્ટિએ સકારાત્મક માનવામાં આવી રહ્યું છે.

### પ્રયાગરાજનો કંમ્પાઉન્ડર...

સુરત શહેર મુળવતન-ચકવડ થાના-બાઘરાય જી.પ્રતાપગઢ) પાસે તબીબી પ્રેક્ટિસ માટેની કોઈ માન્ય લાયકાત નહોતી. તેની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, તેણે પ્રયાગરાજ ખાતે એક નર્સિંગ હોમમાં ૧૦ વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી હતી. આ અનુભવના જોરે તે સુરત આવીને નકલી ડૉક્ટર બની બેઠો હતો જેથી તેની ધરપકડ કરવામાં આવી હતી. આ કામગીરી એ.એસ. આઈ. મેહુલભાઈ અને રૂમીતભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે કરવામાં આવી હતી.

### જગન્નાથ માટે...

આધુનિક સ્ટીયરિંગ વ્યવસ્થાના કારણે માત્ર 10થી 12 વ્યક્તિઓ જ આ રથને સરળતાથી સંચાલિત કરી શકશે. રથયાત્રાની સુરક્ષા અને વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે આ વર્ષે રથ પર બેસનારા લોકોની સંખ્યા પણ મર્યાદિત રાખવામાં આવી છે. રથ પર માત્ર મુખ્ય પૂજારીઓ, મહારાજશ્રી અને બે-ત્રણ સહાયક પૂજારીઓ સહિત વધુમાં વધુ 7થી 8 વ્યક્તિઓને જ બેસવાની મંજૂરી આપવામાં આવશે, જેથી યાત્રા દરમિયાન ભીડ નિયંત્રિત રહે અને શ્રદ્ધાળુઓને સરળતાથી ભગવાનના દર્શન થઈ શકે.